ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગરના આઉટસોર્સ મહેકમની મુદ્દત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2022/2981/A Section-PF1
સચિવાલય, ગાંધીનગર.
તા. ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધાં:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૯/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૭/૫૬૮૪૫૧/અ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૧૧/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: સશપ/૧૨૨૦૧૭/૫૬૮૪૫૧/અ
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૦૫/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2022/2981/A
(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૭/૧૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: DDCW/ADMIN/e-file/225/2024/0546/Administrative
(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૩/૧૦/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: DDCW/ADMIN/e-file/225/2024/0546/Administrative

**આમુખ:**

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવથી નિગમ ખાતે કુલ-૧૮ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રથી નિગમની વડી કચેરી માટે કુલ-૦૮ જગ્યાઓ સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓને આધીન ફિક્સ પગારમાં આઉટસોર્સથી ૧૧ માસ માટે તદ્દન હંગામી ધોરણે ભરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (3) પરના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ ગાંધીનગરના આઉટસોર્સ મહેકમની કુલ ૧૩ જગ્યાઓને તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. જેની મુદત પૂર્ણ થનાર હોઈ, વંચાણે લીધેલ ક્રમાંક (૪) હેઠળના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગરના આઉટસોર્સ મહેકમની સદરહુ કુલ ૧૩ જગ્યાઓને તા.૦૧/૦૨/૨૦૨૬ થી વધુ ૧૧ માસ માટે ચાલુ રાખવા દરખાસ્ત કરવામાં આવેલ તેમજ વંચાણે લીધા ક્રમાંક(૫) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા નિગમ ખાતેની આઉટસોર્સ મહેકમ પૈકીની નાયબ હિસાબનીશ અને સમાજ કલ્યાણ નિરીક્ષકની જગ્યાના વેતનમાં વધારો કરવાની અંગેની દરખાસ્ત પણ કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગરના આઉટસોર્સ મહેકમની નીચે મુજબની કુલ ૧૩(તેર) જગ્યાઓને આ ઠરાવમાં દર્શાવ્યા મુજબની શરતોને આધીન તા.૦૧/૦૨/૨૦૨૬ થી વધુ ૧૧ માસ એટલે કે તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવા અને નાયબ હિસાબનીશ અને સમાજ કલ્યાણ નિરીક્ષકની જગ્યાના વેતનમાં વધારો કરી, નીચે મુજબ વેતન ચૂકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**આઉટસોર્સ જગ્યાઓ:**

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક વેતન |
|---|---|---|---|
| ૧ | નાયબ હિસાબનીશ | ૦૨ | રૂ. ૨૦,૦૦૦/-(અન્ય ચાર્જિસ સિવાય) |
| ૨ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૦૪ | રૂ. ૨૦,૦૦૦/-(અન્ય ચાર્જિસ સિવાય) |
| ૩ | જુનીયર ક્લાર્ક | ૦૨ | લઘુત્તમ વેતનધારા મુજબ |
| ૪ | પટાવાળા | ૦૩ | લઘુત્તમ વેતનધારા મુજબ |
| ૫ | ડ્રાઈવર | ૦૨ | લઘુત્તમ વેતનધારા મુજબ |
| કુલ | | ૧૩(તેર) | |

**શરતો:-**

(૧) આઉટસોર્સથી સેવા મંજૂરી મુજબના સમયગાળા પૂરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા નાણા વિભાગની પૂર્વમંજૂરી સિવાય, મંજૂરીની અપેક્ષાએ કે પશ્ચાદવર્તી અસરથી મંજૂરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.

(૨) આઉટ સોર્સથી સેવા લેવા અંગે મંજૂરી મળ્યા બાદ GEM portal પર માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત સેવાઓ લેવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૩) આઉટ સોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે.

(૪) નિયામકશ્રી(વિ.જા.ક) દ્વારા રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટસોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ, સર્વીસ ટેક્ષ, GST, સર્વિસ ચાર્જ અન્ય ચૂકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી, સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી(વિ.જા.ક) ની રહેશે.

(૫) માન્ય આઉટસોર્સ એજન્સી નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરું ચુકવે તે અંગે નિયામકશ્રી(વિ.જા.ક) દ્વારા યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી નિયામકશ્રી(વિ.જા.ક)ની રહેશે.

(૬) આઉટ સોર્સથી સેવા મેળવવાની હોઇ, તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

(૭) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૮) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૯) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૦) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૨) આ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાની મુદત લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતાં પહેલાના ૪ (ચાર) માસ અગાઉ નિયામકશ્રી(વિ.જા.ક) મારફતે વિભાગને રજૂ કરી, વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલો પર નાણા વિભાગની અનુક્રમે તા.૨૫/૧૨/૨૦૨૫ અને તા.૩૦/૦૧/૨૦૨૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sd/-
(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

Signature Not Verified
Signed by : Kalpanaben V Rana
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.01.31 18:05:02 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

• નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર.

• એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

• મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નંબર-૨/૭, ડી-૨ વિંગ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.

• પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર (ગુજરાત બિનઅનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર મારફત)

• સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ- વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ...

• શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૬

Signature Not Verified
Signed by : Kalpanaben V Rana
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.01.31 18:05:02 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign